ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૦૧/૨૪-૨૫/ 450 તારીખ : 16 MAY 2024

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી પાયક રીયાઝભાઈ ઈસાભાઈ,**
પ્લોટ વિસ્તાર, ગળથર રોડ,
ગામ-બેલમપર, તા. મહુવા,
જી. ભાવનગર
મો.નં- ૯૮૨૫૩ ૧૯૭૮૫.

કેસ નં.૦૧/૨૪-૨૫

**વિષય : નવું ઘર વપરાશનું વીજ જોડાણ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૬/૦૩/૨૦૨૪.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૧/૨૪-૨૫/૩૦૫ તા.૦૩/૦૪/૨૦૨૪.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૧/૨૪-૨૫/૩૫૦ તા.૧૮/૦૪/૨૦૨૪.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૫/૦૪/૨૦૨૪ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

***.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.***

**નકલ રવાનાઃ-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પ. ગ. વી. કં. લિ., પેટા વિભાગીય કચેરી, **બગદાણા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

# ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૧/૨૪–૨૫** ☜

**વાદી** :– **શ્રી પાયક રીયાઝભાઈ ઈસાભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૫/૦૪/૨૦૨૪** ◈

હાજર રહયા :– **શ્રી પાયક રીયાઝભાઈ ઈસાભાઈ (વાદીશ્રી પોતે)**

પ્રતિવાદી :– (૧) શ્રી એચ. પી. દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, **વિભાગીય કચેરી, મહુવા.**
(૨) શ્રી જે. જે. પરમાર, નાયબ ઈજનેર, **પેટા વિભાગીય કચેરી, બગદાણા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી પાયક રીયાઝભાઈ ઈસાભાઈ, મુ.બેલમપર, તા.મહુવા, જી.ભાવનગરની નવું ઘર વપરાશ વીજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૧/૨૪–૨૫ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૦૧/૨૪–૨૫/૩૦૫ તા.૦૩/૦૪/૨૦૨૪ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. **૨૫/૦૪/૨૦૨૪** ના રોજ મહુવા મુકામે ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી પાયક રીયાઝભાઈ ઈસાભાઈ પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે (૧) શ્રી એચ. પી દુધાગ્રા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા (૨) શ્રી જે. જે. પરમાર, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, બગદાણા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના બેલમપર ગામમાં પ્લોટ વિસ્તાર, ગળથર રોડ ખાતે અમારૂ રહેણાંક આવેલ છે. ત્યાં અમારે લાઈટીંગ વીજ કનેકશનની જરૂરીયાત હોવાથી કચેરીમાં જણાવેલ તો સાહેબે જણાવેલ તે મુજબ આધાર પુરાવા લઈને અમારી વીજ કચેરી બગદાણા ગયેલ તો સાહેબે જણાવેલ તે મુજબ વીજ કનેકશન માટે ઓનલાઈન રૂા.૪૯૯૮.૮૦ ભરેલ છે અને તમામ આધાર પુરાવા કચેરીમાં આપેલ છે.

૧.૨ ત્યાથી જણાવવામાં આવેલ કે, હેલ્પર સર્વે કરવા આવશે, હેલ્પર સર્વે કરી જતા રહેલ. અમારા રહેણાંકની બાજુમાં જીવનજયોત હોસ્ટેલ છે. ત્યાં અલગ ટી.સી. લગાવી વીજ કનેકશન લગાવેલ છે, ત્યાંથી મારે ૧૦૦ ફુટમાં વીજકનેકશન લગાવવાનું છે.

૧.૩ વીજ કચેરીમાંથી જણાવેલ કે અમને વીજ કનેકશન નહી મળે મારા રહેણાંકથી આગળ ગામની બહાર આંબા વાડી વિસ્તારમાં એલ.ટી. લાઈન ના ચાર પોલ લગાવી ચાર વીજકનેકશન લગાવેલ છે. ગામની બહાર ૬૬ કે.વી. પાસે અલગ ટી.સી. લગાવી ૬ થી ૭ વીજ કનેકશન લગાડેલ છે. અમારા ગામના સીમાડા માં ડુંગર વિસ્તારમાં પણ વીજ કનેકશન લગાવેલ છે, ત્યાં કાયદો નડતો નથી. મારા કનેકશનમાં કાયદો નડતર થાય છે.

૧.૪ કંપની અને સરકારશ્રી નો નીયમ નથી કે ગામની સીમતળ હોય તો કનેકશન આપવું નહી. આવા ઘરના કાયદા ચાલે નહી. લાગવગ હોય તો ગામતળ કે સીમતળ માં વીજ કનેકશન મળે છે. સરકારશ્રી અને કંપનીએ અનેક પ્રકારના પરીપત્ર બહાર પાડેલ છે. દરેક ગ્રાહકોને વીજ કનેકશન આપવાનો અધિકાર છે.

૧.૫ સ્થાનીક કચેરીમાં અવાર નવાર ગયેલ છતાં કોઈ કાયદાના જાણકાર નથી ફકત હેરાન કરવામાં આવે છે. તો આપ સાહેબશ્રી મારી ફરીયાદનો અભ્યાસ કરી વીજ કનેકશન લગાગવા હુકમ કરવા મારી નમ્ર વિનંતી અને બેદરકારી કર્મચારી ઉપર પગલા લેવા.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ અરજદાર શ્રી પાયક રીયાઝભાઈ ઈસાભાઈ, મુ.બેલમપર, તા.મહુવા, જી.ભાવનગર દવારા તા.૧૩/૧૦/૨૦૨૩ થી નવું વીજજોડાણ માટે ઓનલાઈન અરજી કરેલ હતી. સદર ઘરવપરાશના ઓનલાઈન પેમેન્ટ પણ તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ પહોંચ નં.૭૦૪૨૮૧–૮૪ થી રૂ.૪૯૯૮.૮૦ ના રોજ ભરપાઈ કરેલ છે.

૨.૨ ત્યારબાદ બગદાણા પેટા વિભાગીય કચેરીથી સદર ઘર વપરાશ માટે સ્થળ મોજણી માટે ગયેલ. જે માંગેલ ઘર વપરાશનું વીજ જોડાણ ગળથર રોડ પર સરકારી પડતર (ગૌચર) માં આવેલ હોય, જે ગામતળની બહાર છે. વધુમાં અરજદાર દવારા સદર વીજજોડાણ માટે આપેલ દસ્તાવેજી પુરાવામાં ગ્રામ પંચાયત દવારા આપવામાં આવેલ દાખલમાં પણ રીયાઝભાઈ ઈસાભાઈ પાયક જેઓ બેલમપર ગામમાં રહેણાંકનું મકાન ધરાવે છે, જેમાં પણ ઘર આકારણી નંબરનો ઉલ્લેખ કરેલ નથી.

૨.૩ માટે કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબ જયોતિગ્રામ ફીડરમાંથી સદર વીજજોડાણ આપી શકાય તેમ ન હોય સદર માંગેલ ઘર વપરાશનું વીજજોડણની અરજી PAID CANCEL કરેલ છે.

૨.૪ વધુમાં અરજદાર દવારા પોતાની બાજુમાં આવેલ જીવનજયોત હોસ્ટેલ આવેલ હોય, જેને જયોતિગ્રામ માંથી વીજજોડાણ આપેલ હોય તેમ કહેલ હોય, જેમાં જીવનજયોત હોસ્ટેલ બેલમપર ગ્રાહક નંબર ૮૯૨૨૦/૧૦૩૪૮/૬ થી આપવામાં આવેલ વીજજોડાણ બિનખેતી કરાવેલ હોય, જેથી નિયમ મુજબ વીજજોડાણ આપવામાં આવેલ છે.

**☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી પાયક રીયાઝભાઈ ઈસાભાઈ, ગામ–બેલમપર તા. મહુવા દવારા ઘરવપરાશનું વીજ કનેકશન ન મળવાથી ફોરમને રજુઆત કરેલ છે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૨ વાદીની અરજી અંગે આજરોજ તા.૨૫/૦૪/૨૦૨૪ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ છે, જેમાં બન્ને પક્ષકારો એ હાજર રહી પોત પોતાની રજુઆતો કરેલ છે.

૩.૩ આ કેસમાં વાદીની રજુઆત મુજબ તેઓ દવારા ગામ–બેલમપર તા.મહુવા ખાતે ઘરવપરાશના કનેકશન માટે તા.૧૩/૧૦/૨૦૨૩ ના રોજ અરજી કરેલ અને જરૂરી રકમ રૂા.૪૯૯૮.૮૦ ઓનલાઈન ભરી આપેલ. પરંતુ પ્રતિવાદી પીજીવીસીએલ દવારા સ્થળની ચકાસણી કરતાં, માંગેલ કનેકશન વાળી જગ્યા ગામ બહાર હોઈ, વીજ કનેકશન આપેલ નહી. જયારે કે તે જગ્યા પર અન્ય કનેકશન આપેલ છે.

૩.૪ પ્રતિવાદી દવારા અરજદારની અરજી અંગે સ્થળ ચકાસણી માં સદરહુ જગ્યા ગામ બહાર (સરકારી પડતર) માલુમ પડેલ. વધુમાં વાદી દવારા રજુ કરેલ ગ્રામ પંચાયત ની વેરા પહોંચમાં ઘર નંબર ૫૪૭ દર્શાવેલ છે, જે હાલ ગામમાં આવેલ છે. તેમજ વાદીના નામનું ગામમાં ઘરવપરાશનું હાલ વીજ કનેકશન છે તે વેરાની પહોંચમાં ઘર નંબરનો ઉલ્લેખ કરેલ નથી.

૩.૫ આજરોજ ની રૂબરૂ સુનાવણીમાં વાદી દવારા રજુ કરેલ ગ્રામ પંચાયતની પહોંચમાં ઘર નંબર ન હોવાનું સ્પષ્ટ જણાય છે.

૩.૬ આમ, રજુ થયેલ રેકોર્ડ, રજુઆતો અને જવાબોને ઘ્યાને લેતાં, ફોરમને જણાય છે કે, આ કેસમાં કનેકશન આપવા માટે સ્થળનો સ્પષ્ટ ઉલ્લેખ હોવો જરૂરી છે. આથી હુકમ કરવામાં આવે છે કે વાદીનું ઘર નં.૫૪૭ જો ગામતળ માં હોય અને ત્યાં કોઈ વીજ જોડાણ હયાત ન હોય તો આ જોડાણ ત્યાં ચાલુ કરવું. જો અરજદાર આ બાબતે સમંત ના થાય તો તે અંગેની લેખિત અરજી લેવી અને ભરેલ નાણા પરત કરવા માટે કાર્યવાહી કરવી. ઉપરોક્ત તમામ પ્રકિયા દિન દસ માં પૂર્ણ કરવી.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રી જે.એમ મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
(..............)
ટેકનીકલ સભ્યશ્રી

**(એન.સી.મકવાણા)**
**અઘ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૨૫/૦૪/૨૦૨૪.**